# શ્રી શ્યામજી કૃષ્ણ વર્મા સ્મારક
# ‘ક્રાંતિ તીર્થ’

સલાયા – મસ્કા રોડ, ગામ : મસ્કા, તા. માંડવી–કચ્છ (ગુજ.) ફોન : (૦૨૮૩૪) ૨૯૫૧૯૫ ઈ–મેઈલ : info@krantiteerth.org

તારીખ : ૦૨/૦૨/૨૦૧૨

**ક્રાંતિતીર્થ ખાતે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા અસ્થિકુંભને પુષ્પાંજલિ અપર્ણ તથા સ્વામિ વિવેકાનંદજીની ૧૫૦મી જન્મજયંતિ ઉજવણીના ભાગ સ્વરૂપે વિવેકાનંદજીની સંપૂર્ણ માહિતી સભર ‘કિઓસ્ક’ નું ઉદ્‌ઘાટન**

**અખબારી યાદી :**

શ્રી શ્યામજી કૃષ્ણ વર્મા મેમોરીયલ – ‘ક્રાંતિતીર્થ’ ખાતે આજ રોજ માનનીય મુખ્યમંત્રીશ્રી સદભાવના મિશન અંતર્ગત પધારી સૌ પ્રથમ વિરાંજલિ ગેલેરી ખાતે સ્થાપિત કરાયેલ શ્રી શ્યામજી કૃષ્ણવર્માજી તથા શ્રીમતિ ભાનુમતિજીના અસ્થિકુંભ પર પુષ્પાજંલિ અર્પણ કરી હતી. ત્યારબાદ ઈન્ડીયા હાઉસ ખાતે સ્વામિ વિવેકાનંદજીની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે નવા મુકાયેલ ‘વિવેકાનંદજીનું સંપૂર્ણ જીવન ચરિત્ર તથા શિકાગોની સ્પીચ વગેરેથી સભર કિઓસ્ક (ટચ સ્ક્રીન કોમ્પ્યુટર)’નું ઉદ્‌ઘાટન કર્યુ હતું. આ પ્રસંગે તેમની સાથે પ્રભારી મંત્રીશ્રી પરબતભાઈ પટેલ, મંત્રીશ્રી વાસણભાઈ આહિર, શ્રી પુષ્પદાનભાઈ ગઢવી, શ્રી હિરજીભાઈ કારાણી, કલેકટરશ્રી–કચ્છ તથા અન્ય પદાધિકારીઓ હાજર રહેલ. ક્રાંતિતીર્થ મેમોરીયલ મેનેજમેન્ટ કમિટીના ચેરમેન તથા જી.એમ.ડી.સી. લિ.ના મેનેજીંગ ડાયરેકટરશ્રી વસંતભાઈ ગઢવી પણ હાજર રહી, માહિતી–માર્ગદર્શન આપેલ હતું.

સૌ પ્રથમ માનનીય મુખ્યમંત્રીશ્રીને મેમોરીયલ મેનેજમેન્ટ કમિટીના ચેરમેન તથા જી.એમ.ડી.સી. લિ.ના મેનેજીંગ ડાયરેકટરશ્રી વસંતભાઈ ગઢવીએ ઉષ્માભેર સત્કાર્યા હતા. તેઓની સાથે મુરબ્બી શ્રી હિરજીભાઈ કારાણી પણ જોડાયા હતા. ત્યારબાદ ક્રાંતિતીર્થ ખાતે પ્રજાસત્તાક દિન તથા સ્વાતંત્ર્ય દિન રાષ્ટ્રીય પર્વોમાં જે છાત્રોના હસ્તે ધ્વજવંદનો કરાયા છે તેમાં કુ. કુંજલ રાજેશ કષ્ટા, (સમગ્ર માંડવી તાલુકામાં એસ.એસ.સી.માં પ્રથમ), કુ. જીનલ પ્રવિણભાઈ સોલંકી (ટી.વાય.બી.કોમમાં કચ્છ યુનિ.માં પ્રથમ), કુ. કોમલ બળવંતસિંહ ઝાલા (ખેલ મહાકુંભમાં ઉંચી કુદમાં સમગ્ર ગુજરાતમાં પ્રથમ, રાષ્ટ્રીય સ્તરે પસંદગી) તેઓના હસ્તે માનનીય મુખ્યમંત્રીશ્રીનું પુષ્પગુચ્છથી ભાવભીનું સ્વાગત કરાયું હતું.

ઈન્ડીયા હાઉસ ખાતે સ્વામિ વિવેકાનંદજીની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે મુકાયેલ નવા કિઓસ્કનું ઉદ્‌ઘાટન માનનીય મુખ્યમંત્રીશ્રીએ કરી, કચ્છ માટે આ નવી ભેટ છે, તેમ જણાવ્યું હતું. આ નવા મુકાયેલા કિઓસ્કમાં સ્વામિ વિવેકાનંદજીનું સંપૂર્ણ જીવન ચરિત્ર, ફોટોગ્રાફ સહિત ગુજરાતી–અંગ્રેજી બન્ને ભાષામાં મુકવામાં આવ્યું છે. સાથોસાથ વિવેકાનંદજીનું શિકાગોનું પ્રસિધ્ધ પ્રવચન, અન્ય પ્રવચનો, યુવાનો માટેનો સંદેશ, માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની વિવેકાનંદજીની જન્મજયંતિ ઉજવણીની સ્પીચ વગેરેને આવરી લેવામાં આવ્યા છે. આ કિઓસ્કની બાજુમાં જ સ્વામિ વિવેકાનંદજીના અલગ–અલગ સ્કેચના સુંદર ચિત્રોથી ગેલેરી સ્વરૂપ આપવામાં આવ્યું છે. સ્વામિ વિવેકાનંદજીનું સુંદર રેતશિલ્પ માંડવીના રેતશિલ્પ કલાકાર અને ચિત્રકાર શ્રી અનિલભાઈ જોષી દ્વારા તૈયાર કરવામાં આવ્યું છે.

**– મહેશ ગોસ્વામી, મેનેજર – ‘ક્રાંતિતીર્થ’**